# સ્વચ્છતા અભિયાન અહેવાલ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા પણ સ્વચ્છતા અભિયાનના કાર્યક્રમનો આયોજન કરવામાં આવેલ. જેમાં પર્યાવરણની સુરક્ષા અને જાળવણી માટે પ્રયત્નો કરવામાં આવે છે. દરરોજ તેમની માવજત કરવામાં આવે છે. તેમની સુરક્ષા માટે તકેદારી રાખવામાં આવે છે. ભારત સરકારના દ્વારા "સ્વચ્છ ભારત મિશન" ના સૂત્રને સાર્થક કરવા ખૂબ કાળજી રાખવામાં આવે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દૂરવર્તી શિક્ષણ પદ્ધતિ ધરાવતી હોવાને કારણે યુનિવર્સિટીની મુલાકાતે આવનાર વિદ્યાર્થીઓને પર્યાવરણની સુરક્ષા વિશે ઉજાગર કરવામાં આવે છે અને તેમને પણ સ્વચ્છતા વિશે ઉજાગર કરવામાં આવે છે. આ ઉપરાંત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પણ આ સૂત્રને સાર્થક કરવા સહભાગી રહે.

આ સિવાય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના એક્ષટેન્શન એક્ટીવીટી સેલ દ્વારા જે ગામો દત્તક લીધેલા છે તે જાસપુર અને છારોડી ગામમાં પણ સ્વચ્છતા અભિયાનના પ્રોગ્રામ કરવામાં આવેલ.

સ્વચ્છતા અભિયાન નિમિત્તે સમગ્ર યુનિવર્સિટી પરિવાર નક્કર કામગીરી કરે, તેવો માનીય કુલપતિશ્રીનો આગ્રહ અને પ્રેરણાના પરિણામ સ્વરૂપે છારોડી ગામમાં સ્વચ્છતા અભિયાન કરવાનું નક્કી કર્યું. ગામની પ્રાથમિક શાળાનો સહયોગ મળ્યો. શાળાના શિક્ષકો પણ સાથે જોડાયેલાં હતાં.





જાસપુર ગામમાં સ્વચ્છતા અભિયાનમાં માનનીય કુલપતિશ્રી, કા. કુલસચિવશ્રી, સર્વે નિયામકશ્રીઓ, અધ્યાપકશ્રીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા. શાળાના શિક્ષકોના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થી ભાઈ- બહેનોએ સ્વચ્છતાકેન્દ્રી સમજ પૂરી પાડી હતી. યુનિવર્સિટી વતી સમગ્ર ગામમાં યુનિવર્સિટી તથા શાળા પરિવારની ભવ્ય સૂત્રોચ્ચાર સાથેની પદયાત્રા નીકળી હતી. ગામ લોકોએ આદરપૂર્વક આ પદયાત્રાને નિહાળી હતી. પદયાત્રા બાદ શ્રમકાર્યના ભાગ રૂપે ગામ સફાઈ કરવામાં આવી હતી.





વધેલાં વૃક્ષોની કાપણી (26-12-2022)





વધેલાં વૃક્ષોની કાપણી પછીની સાફ-સફાઈ 27-12-2022





યુનિવર્સિટી પરિસરની સાફ- સફાઈ (તા.28-12-2022 અને તા. 29-12-2022)





ટોયલેટની સાફ સફાઈ (30-12-2022)





યુનિવર્સિટી અંતર્ગત કાર્યાલયોના વિભાગોની સાફ- સફાઈ (31-12-2022)





યુનિવર્સિટીના વિવિધ વિભાગોમાં સર્વે કર્મચારીઓ દ્વારા નિયમિત સાફ સફાઈ કરવામાં આવે છે અને આ સૂત્રને સાર્થક કરવાના પ્રયત્નો થતાં રહે છે. આ સદર કાર્યક્રમ માનનીય કુલપતિશ્રી પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાયજીના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટી પરિસરના વિવિધ ખંડો, ટોયલેટ, મેદાન, દરેક વૃક્ષોની માવજત અને સુરક્ષા કરવામાં આવે છે. યુનિવર્સિટીના તમામ કર્મચારીશ્રીઓએ આ કાર્યક્રમને ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો.